# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારાં આદિવાસી વિસ્તારનાં મુખ્ય ખરીફ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિષય ઉપર કેન્દ્રિય તાલીમ વર્ગો યોજાયા

---

માન. કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયા સાહેબના માર્ગદર્શન હેઠળ આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીયા દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત **આદિવાસી વિસ્તારનાં મુખ્ય ખરીફ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ** વિષય ઉપર તા. **૨૧/૦૮/૨૦૨૪ અને ૨૨/૦૮/૨૦૨૪**ના રોજ અત્રેના કેન્દ્ર ખાતે એક દિવસીય કુલ બે તાલીમ વર્ગ યોજાયા.

આ તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા કેન્દ્ર હસ્તક ચાલતી વિવિધ વિસ્તરણ અને સંશોધન પ્રવૃત્તિઓ તેમજ ખરીફ પાકોની પ્રાકૃતિક ખેતી અંતર્ગત રોગ-જીવાત નિયંત્રણ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી, **ડૉ. સી. જે. પટેલ** દ્વારા મુખ્ય ખરીફ પાકોની પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, **શ્રી. સંદીપ રાઠોડ** દ્વારા ખરીફ પાકોની પ્રાકૃતિક ખેતી અંતર્ગત ખાતર અને નીંદણ વ્યવસ્થાપન, **ડૉ. એ. વાય. માકાણી** દ્વારા ખરીફ પાકોની નવીન જાતોની સમજણ **અને ડૉ. એચ. કે. દેસાઇ** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાંની પદ્ધતિ અને તેનું ખરીફ પાકોની ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . આ તાલીમ વર્ગોમાં દેવગઢ બારીઆ તાલુકાનાં મોટી ખજૂરી ગામની ૪૦ અને ગુણા ગામની 30 ખેડૂત મહિલાઓએ તાલીમ વર્ગમાં ઉત્સાહભેર ભાગ લિધો હતો. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.








શબરી
આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી

શબરી
આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી